# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/327 Dt. 08/02/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હેલ્થ સિરિઝ અંતર્ગત મહિલાઓના આરોગ્ય અને હૃદય સ્વાસ્થ્ય અંગે અવેરનેસ સેશન યોજાયું

## ડો. રવિન્દ્ર કોરાટે હેલ્ધી હાર્ટ એન્ડ વુમન્સ વેલનેસ વિષય પર માહિતી આપી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરિઝ અંતર્ગત રવિવાર, તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'હેલ્ધી હાર્ટ એન્ડ વુમન્સ વેલનેસ' વિષય પર અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં મુખ્ય વકતા તરીકે આઇવીએફ અને ઇન્ફર્ટિલિટી સ્પેશિયાલિસ્ટ ડો. રવિન્દ્ર કોરાટે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સંબોધનમાં જણાવ્યું હતું કે, આજના ઝડપી જીવનમાં મહિલાઓનું આરોગ્ય અને હૃદય સ્વાસ્થ્ય બંને અત્યંત મહત્વપૂર્ણ છે અને આવી પ્રવૃત્તિઓ સમાજ માટે સમયની જરૂરિયાત છે. તેમણે કહ્યું હતું કે, ઉદ્યોગકારો અને કામદારો માટે આરોગ્ય જાગૃતિ ખૂબ જ આવશ્યક છે અને ચેમ્બર દ્વારા હેલ્થ સિરિઝ અંતર્ગત આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાઇ રહ્યું છે અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો કરવામાં આવશે.

આઇવીએફ અને ઇન્ફર્ટિલિટી સ્પેશિયાલિસ્ટ ડો. રવિન્દ્ર કોરાટે (એમએસ–ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી) મહિલાઓમાં ફર્ટિલિટી સંબંધિત સમસ્યાઓ, હોર્મોનલ અસંતુલન, માતૃત્વ સ્વાસ્થ્ય તેમજ જીવનશૈલીમાં

સુધારાની આવશ્યકતા પર વિશેષ ભાર મુકયો હતો. તેમણે હૃદયરોગના પ્રારંભિક લક્ષણો, જોખમકારક પરિબળો, નિયમિત ચેકઅપ અને સમયસર સારવારના મહત્વ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નિયમિત આરોગ્ય તપાસ, સંતુલિત આહાર, યોગ અને વ્યાયામ તેમજ માનસિક સ્વસ્થતા જાળવવાથી ફર્ટિલિટી તથા સર્વાંગી મહિલાઓના આરોગ્યમાં સુધારો શકય છે. મહિલાઓએ કોઈપણ આરોગ્ય સમસ્યાને અવગણ્યા વિના સમયસર તબીબી સલાહ લેવી જોઈએ, જેથી યોગ્ય નિદાન અને સારવાર દ્વારા આરોગ્ય સંબંધિત જટિલતાઓથી બચી શકાય.

ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના ચેરમેન ડો. જગદીશ વઘાસિયાએ કાર્યક્રમની રૂપરેખા અને ઉદ્દેશ્ય વિષે માહિતી આપી હતી. ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના કો–ચેરમેન શ્રી નિખિલ વઘાસિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ અવેરનેસ સેશનમાં ચેમ્બરના સભ્યો, ઉદ્યોગ સાહસિકો, મહિલાઓ અને આરોગ્ય પ્રત્યે જાગૃત નાગરિકોએ હાજરી આપી હતી, આથી કાર્યક્રમને ખૂબ સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.